# SAURASHTRA UNIVERSITY

**Exam Cell Section**

University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No.707-710 / FAX No.: (0281) 2586411
E-mail Id: exam06@sauuni.ac.in


No. Exam Cell / 881 / 2021 Dt.26 / 07 / 2021

**પરિપત્ર :–**

**વિષય :–** કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ અંગેની નિતી.
**સંદર્ભ :–** (૧) શિક્ષણ વિભાગનો તા.૦૨–૦૬–'૧૧ નો ઠરાવ ક્રમાંક : મશબ / ૧૨૧૧ / ૫૯૦ / છ.
(૨) અત્રેના તા.૦૭–૦૭–૨૦૨૧ ના પત્ર ક્રમાંક : પરીક્ષા સેલ / ૮૭૦ / ૨૦૨૧.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને, અનુસ્નાતક કેન્દ્રનાં નિયામકશ્રીઓને તેમજ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, ઉકત વિષય પરત્વે સંદર્ભ–૧ પત્ર અન્વયે સંદર્ભ–૨ થી ધો.૧૦ પછી ત્રણ વર્ષ કે તેથી વધુ સમયનો કોર્ષ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓને કયાં કયાં અભ્યાસક્રમમાં અને કયાં સેમેસ્ટરમાં પ્રવેશ આપવો તે અંગેનું માર્ગદશર્ન માટે પત્ર પાઠવવામાં આવેલ છે.

ઉકત પરત્વે તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ–૨ પત્રથી શિક્ષણ વિભાગ પાસેથી માર્ગદર્શન મેળવવા પત્ર પાઠવેલ હોય તેનો પ્રત્યુતર આવ્યા બાદ યુનિવર્સિટી ધ્વારા જે પરિપત્ર કરવામાં આવે તેને ધ્યાને લઈ ને જ ધો.૧૦ પછીના ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષના ડિપ્લોમા પાસ કરેલ હોઈ તેવા વિદ્યાર્થીઓને B.A. / B.Com. / B.C.A. / B.B.A. / B.Sc. / B.Sc. I.T. / B.Sc. Home Sci. / B.R.S. / B.S.W. નાં ૦૩ (ત્રીજા) સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે.

વધુમાં જો કોલેજ ધ્વારા શિક્ષણ વિભાગના માર્ગદર્શન મળ્યા પહેલા તેમજ યુનિવર્સિટી ધ્વારા તે પરત્વે પરિપત્ર કર્યા પહેલા કોઈ વિદ્યાર્થીને ૦૩ (ત્રીજા) સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવેલ હશે તો તેવા વિદ્યાર્થીઓને અત્રેથી પી.ઈ.સી. ઈસ્યુ કરવાની કાર્યવાહી તેમજ એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ અંગેની કાર્યવાહી કરવામાં આવશે નહિ તેમજ તે અંગેની તમામ જવાબદારી કોલેજ આચાર્યશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેશો.

**પરીક્ષા નિયામક**

**પ્રતિ, (વિદ્યાર્થીઓના ધ્યાન પર ખાસ મુકવા અર્થે)**
૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...
૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ તરફ...
૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના નિયામકશ્રીઓ તરફ...
૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ...

**નકલ રવાના :–**
૧) માન. કુલપતિશ્રી / માન. ઉપકુલપતિશ્રી અંગત સચિવશ્રી તરફ...
૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૩) પરીક્ષા વિભાગના તમામ વિભાગો તરફ...
૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તમામ અન્ય વિભાગો તરફ...
(જાણ અર્થે)